## અર્પિત - અનર્પિત - સિદ્ધેઃ . . . . . ૫-૩૧

સૂત્રાર્થ: કોઈ જ વસ્તુમાં, પરસ્પર વિરૂધ્ધ ધર્મો નિત્યત્વ - અનિત્યત્વ, ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય વગેરે અર્પિત હિ (અપેક્ષાએ) અને અનર્પિત હિ (અપેક્ષાના અભાવ હિ) હોય છે. (અર્પિત એટલે પ્રધાનતા, [illegible])

ભાવાર્થ: દરેક વસ્તુમાં બે અંશ હોય છે. દ્રવ્ય અંશ અને પર્યાય અંશ. દ્રવ્ય અંશ સ્થિર (નિત્ય) છે જ્યારે પર્યાય અંશ અસ્થિર (અનિત્ય) છે. જેમ કે આત્માનો પર્યાયની અપેક્ષાએ ન દ્રવ્યની અપેક્ષાએ વિચારીએ તો આત્મા નિત્ય દેખાશે પણ જો આત્માનો વિચાર કરીએ અને દ્રવ્યની અપેક્ષાએ ન જોઈએ અને પર્યાયની અપેક્ષાએ જોવા પ્રયત્ન કરીએ તો આત્મા અનિત્ય દેખાશે. આમ એક જ વ્યક્તિમાં પિતૃત્વ અને પુત્રત્વ એમ બંને ધર્મો અપેક્ષાભેદથી રહી શકે છે. જ્યારે ન દર્શનો પરસ્પર વિરૂધ્ધ જોવા છતાં અપેક્ષાએ સાથે કહેવામાં આવે છે. આમ અપેક્ષા હોય ત્યારે તે ધર્મો અનપેક્ષા દ્વારા પરસ્પર જગતના દરેક પદાર્થોમાં અપેક્ષા, વિરોધી ધર્મો પણ રહી શકે છે.

## સ્નિગ્ધ - રૂક્ષત્વાદ્ બંધ: . . . . . ૫-૩૨

સૂત્રાર્થ: સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વ હિ પુદ્ગલોનો પરસ્પર બંધ થાય છે.

ભાવાર્થ: બંધ એટલે પુદ્ગલોનું જોડા[illegible] અર્થાત જોડાઈ જવું. ના જોડાણ પુદ્ગલમાં રહેલા સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ ગુણો હિ થાય છે.

જેમ કે લોટ રૂક્ષ છે અને તેલ-ઘી-પાણી સ્નિગ્ધ છે. તેથી તે બંનેનો સંયોગ થવાથી લોટ બંધાય છે. સ્નિગ્ધતા અને રૂક્ષતા પણ ઓછી વત્તી તરતમતાવાળી હોઈ શકે. જેમ કે પાણી કરતા ૯% ફેટવાળુ દૂધ વધારે સ્નિગ્ધ અને તેના કરતા whole milk માં અધિક અધિક સ્નિગ્ધતા છે. તે જ રીતે ધૂળ, ફોતરા અને રેતીમાં અધિક અધિક રૂક્ષતા છે. બંધ થવામાં જેટલી સ્નિગ્ધતા રહે તેટલી રૂક્ષતા હોવી જરૂરી છે તે વિગત હવે પછીના સૂત્રોમાં જણાવવામાં આવશે ........ ૫-૩૩

## ન જઘન્ય-ગુણાનામ્

સૂત્રાર્થ: જઘન્ય ગુણવાળા પુદ્ગલોનો પરસ્પર બંધ થતો નથી.

ભાવાર્થ: અહીં જઘન્ય ગુણ એટલે ઓછામાં ઓછી સ્નિગ્ધતા અને ઓછામાં ઓછી રૂક્ષતાવાળુ પુદ્ગલ જેના કેવળીની દૃષ્ટિએ પણ બે ભાગ ના થઈ શકે. પુદ્ગલોમાં ગુણની તરતમતાની દૃષ્ટિએ અનેક ભેદો પડે છે. આ બધા ભેદોને ત્રણ ભેદોમાં સમાવિષ્ટ કરી શકાય. જઘન્ય ગુણ, મધ્યમ ગુણ અને ઉત્કૃષ્ટ ગુણ. સૌથી ઓછો ગુણ જે પુદ્ગલમાં હોય તે જઘન્ય ગુણ. અને સૌથી વધારે હોય તે ઉત્કૃષ્ટ ગુણ. તે સિવાયના બધા પુદ્ગલો મધ્યમ ગુણવાળા કહેવાય.

આ સૂત્રમાં કહેલું છે કે જઘન્ય ગુણ (એક ગુણ) પુદ્ગલોનો પરસ્પર બંધ થતો નથી એટલે કે જઘન્યગુણ સ્નિગ્ધ પુદ્ગલનો જઘન્યગુણ રૂક્ષ કે જઘન્ય ગુણ સ્નિગ્ધ પુદ્ગલની સાથે બંધ ન થાય. તે જ પ્રમાણે જઘન્ય ગુણ રૂક્ષ પુદ્ગલનો જઘન્ય ગુણ સ્નિગ્ધ કે જઘન્ય ગુણ રૂક્ષ પુદ્ગલની સાથે બંધ ન થાય. કારણ કે બંધ થવામાં જેટલી સ્નિગ્ધતા કે રૂક્ષતા હોવી જોઈએ તેનાથી આ સ્નિગ્ધતા કે રૂક્ષતા ઓછી પડે છે, માટે બંધ થતો નથી

બંધના વિષયમાં બીજો અપવાદ.

## ગુણ – સામ્યે સદૃશાનામ્ ..... ૫-૩૪

**સૂત્રાર્થ**: ગુણની સમાનતા હોય (ગુણ સામ્ય) તો સદૃશ (સજાતીય) પુદ્ગલોનો બંધ થતો નથી.

**ભાવાર્થ**: અહીં સદૃશતા ગુણની (સ્નિગ્ધ કે રૂક્ષ) અપેક્ષાએ સમજવી. જો પુદ્ગલોમાં જેટલી સ્નિગ્ધતા હોય તેટલી જ સ્નિગ્ધતાવાળા પુદ્ગલો જો સામે આવે તો તે બંનો સમાન સ્નિગ્ધતાવાળા પુદ્ગલોનો બંધ થતો નથી. આજ જ રીતે સમાન રૂક્ષતા ગુણવાળા પુદ્ગલોનો સમાન રૂક્ષતા ગુણવાળા પુદ્ગલો સાથે બંધ થતો નથી.

જેમકે ૫ ગુણ સ્નિગ્ધતા ગુણવાળા પુદ્ગલોનો ૫ ગુણ સ્નિગ્ધતાવાળા પુદ્ગલોની સાથે બંધ થતો નથી. પરંતુ ૫ ગુણ સ્નિગ્ધતાવાળા પુદ્ગલોનો ૫ ગુણ રૂક્ષતાવાળા પુદ્ગલોની સાથે ગુણની સામ્યતા હોવા છતાં પણ સદૃશ પુદ્ગલો ન હોવાથી અર્થાત્ વિજાતીય હોવાથી બંધ અવશ્ય થાય છે.

નીચેના ટેબલથી આ વાત સરળતાથી સમજી શકાય:

સૂત્ર ૫-૩૪ માં બંધના વિષયમાં બીજો અપવાદ સમજાવ્યો છે. એઓના ટેબલથી સમજાવે.

| પુદ્ગલ | સદૃશ કે અસદૃશ | ગુણસમાન કે અગુણસમાન | બંધ થાય કે ન થાય |
|---|---|---|---|
| પંચગુણ સ્નિગ્ધ તથા સપ્તગુણ સ્નિગ્ધ | સદૃશ | અગુણસમાન | થાય |
| અષ્ટગુણ સ્નિગ્ધ તથા દશગુણ સ્નિગ્ધ | સદૃશ | અગુણસમાન | થાય |
| પંચગુણ રૂક્ષ તથા સપ્તગુણ રૂક્ષ | સદૃશ | અગુણસમાન | થાય |
| અષ્ટગુણ રૂક્ષ તથા દશગુણ રૂક્ષ | સદૃશ | અગુણસમાન | થાય |
| પંચગુણ સ્નિગ્ધ તથા પંચગુણ રૂક્ષ | અસદૃશ | ગુણસમાન | થાય |
| અષ્ટગુણ સ્નિગ્ધ તથા અષ્ટગુણ રૂક્ષ | અસદૃશ | ગુણસમાન | થાય |
| પંચગુણ સ્નિગ્ધ તથા પંચગુણ સ્નિગ્ધ | સદૃશ | ગુણસમાન | ન થાય |
| પંચગુણ રૂક્ષ તથા પંચગુણ રૂક્ષ | સદૃશ | ગુણસમાન | ન થાય |

## દ્વિ - અધિક - આદિ - ગુણાનાં તુ   ૫-૩૬

**સૂત્રાર્થ:** જો પુદ્ગલોમાં ગુણોની સદૃશતા હો
તેઓમાં પણ બે અથવા વધુ ગુણોનો તફાવત હોય
તો જ બંધ થાય છે. (બંધના વિષયમાં ત્રીજો અપવાદ)

**ભાવાર્થ:** ચતુર્ગુણ સ્નિગ્ધનો પંચગુણ સ્નિગ્ધ સાથે
બંધ થતો નથી કારણ કે બંને વચ્ચે એકગુણ
અધિકતાનો તફાવત છે. પરંતુ તે જ ચતુર્ગુણ સ્નિગ્ધનો
ષડ્ગુણ સ્નિગ્ધ સાથે અવશ્ય બંધ થઈ શકે છે.
તે જ રીતે પંચગુણ રૂક્ષનો ષડ્ગુણ રૂક્ષ સાથે
બંધ થતો નથી પરંતુ પંચગુણ રૂક્ષનો સાતગુણ
રૂક્ષ સાથે અથવા સાતથી વધુ ગુણ રૂક્ષ સાથે
બંધ થઈ શકે છે.
ટૂંકમાં સ્નિગ્ધનો સ્નિગ્ધ સાથે અને રૂક્ષનો રૂક્ષ સાથે
સમાનતા હોય અથવા એક ગુણ અધિક હોય તો બંધ
થતો નથી પરંતુ બે-ત્રણ-ચાર વગેરે ગુણ અધિક હોય
તો જ બંધનો યોગ છે. જો કે સ્નિગ્ધનો રૂક્ષની
સાથે અને રૂક્ષનો સ્નિગ્ધની સાથે એક ગુણ
અધિક હોય તો પણ બંધ થાય છે, મતલબ કે ઉપરનો
નિયમ સદૃશ (સજાતીય) પુદ્ગલો માટે જ છે.

સૂત્ર ૫-૩૨, ૫-૩૩, ૫-૩૪ અને ૫-૩૫ નો સાર:- Page: ૫-૩૬

પુદ્ગલોમાં રહેલા સ્નિગ્ધ અને રૂક્ષગુણના તરફથી ગમે તે ગુણવાળા પુદ્ગલનો ગમે તે ગુણવાળા પુદ્ગલની સાથે બંધ થાય, તે ૫-૩૨ સૂત્રમાં કહ્યું છે. ત્યારપછીના ત્રણ સૂત્રોમાં બંધમાં અપવાદ બતાવવામાં આવ્યા છે.
સૂત્ર ૫-૩૩ માં કહ્યું કે જઘન્યગુણ પુદ્ગલોનો પરસ્પર બંધ ન થાય. સૂત્ર ૫-૩૪માં કહ્યું કે સદૃશ (સજાતીય) પુદ્ગલોમાં ગુણસામ્ય હોય તો બંધ ન થાય. એટલે કે સદૃશ પુદ્ગલોમાં ગુણવૈષમ્ય (ગુણ-difference) હોય તો બંધ થાય.
સૂત્ર ૫-૩૫ માં જણાવ્યું કે સદૃશ પુદ્ગલોમાં એકગુણ વૈષમ્ય હોય તો બંધ ન થાય. સદૃશ પુદ્ગલોમાં દ્વિગુણ, ત્રિગુણ, ચતુર્ગુણ વગેરે ગુણવૈષમ્ય હોય તો બંધ થાય. આ રીતે સદૃશ પુદ્ગલોમાં બેગુણ કે વધારે ગુણવૈષમ્ય હોય તો બંધ થાય.

| બંધ થાય | કેમ થાય ? |
|---|---|
| એકગુણ સ્નિગ્ધનો દ્વિગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્યગુણ નહિ સદૃશ પણ નહિ |
| એકગુણ રૂક્ષનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્યગુણ નહિ સદૃશ પણ નહિ. |
| એકગુણ સ્નિગ્ધનો ત્રિગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્યગુણ નહિ સદૃશ છે / એકગુણ વૈષમ્ય નહિ |
| એકગુણ રૂક્ષનો ત્રિગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્યગુણ નહિ સદૃશ છે / એકગુણ ગુણવૈષમ્ય નહિ |
| દ્વિગુણ સ્નિગ્ધનો દ્વિગુણ રૂક્ષ સાથે | સામ્ય છે પણ સદૃશ નહિ |
| દ્વિગુણ રૂક્ષનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | સામ્ય છે પણ સદૃશ નહિ |

| બંધ ન થાય | કેમ ન થાય ? | સૂત્ર |
|---|---|---|
| એકગુણ સ્નિગ્ધનો એકગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે. | 5-33 |
| એકગુણ સ્નિગ્ધનો એકગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે. | 5-33 |
| એકગુણ રૂક્ષનો એકગુણ રૂક્ષ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે. | 5-33 |
| એકગુણ રૂક્ષનો એકગુણ સ્નિગ્ધ સાથે | બંનેમાં જઘન્ય ગુણ છે. | 5-33 |
| દ્વિગુણ સ્નિગ્ધનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | સદૃશ છે / ગુણસામ્ય છે. | 5-34 |
| દ્વિગુણ રૂક્ષનો દ્વિગુણ રૂક્ષ સાથે | સદૃશ છે / ગુણસામ્ય છે. | 5-34 |
| પંચગુણ સ્નિગ્ધનો પંચગુણ સ્નિગ્ધ સાથે | સદૃશ છે / ગુણસામ્ય છે. | 5-34 |
| પંચગુણ રૂક્ષનો પંચગુણ રૂક્ષ સાથે | સદૃશ છે / ગુણસામ્ય છે. | 5-34 |
| દ્વિગુણ સ્નિગ્ધનો ત્રિગુણ સ્નિગ્ધ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે | 5-35 |
| દ્વિગુણ રૂક્ષનો ત્રિગુણ રૂક્ષ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે | 5-35 |
| એકગુણ સ્નિગ્ધનો દ્વિગુણ સ્નિગ્ધ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે | 5-35 |
| એકગુણ રૂક્ષનો દ્વિગુણ રૂક્ષ સાથે | માત્ર એકગુણ વૈષમ્ય છે. | 5-35 |

## બન્ધે સમ-અધિકૌ પારિણામિકૌ ...... ૫-૩૬

**સૂત્રાર્થ:** પુદ્ગલોનો પરસ્પર બંધ થયે છતે સમાન અધિકા જો અધિક પરિણામ હોય તે ગુણ વ્યાપ્ત બને છે.

**ભાવાર્થ:** પુદ્ગલોનો પરસ્પર બંધ થયા પછી આખા સ્કંધમાં સમાન અધિકા અધિક જે ગુણ હોય તે ગુણનો પરિણામ વ્યાપ્ત બને છે. જ્યારે સમાન ગુણ રૂક્ષ અને સ્નિગ્ધનો બંધ થાય ત્યારે કોઈવાર રૂક્ષગુણ સ્નિગ્ધ ગુણને રૂક્ષરૂપે પરિણમાવે છે તો કોઈવાર સ્નિગ્ધ ગુણ રૂક્ષનો સ્નિગ્ધ રૂપે પરિણમાવે છે.

પરંતુ સમગુણ સ્નિગ્ધ-સ્નિગ્ધનો કે રૂક્ષ-રૂક્ષનો પરસ્પર બંધ થતો નથી.

સ્નિગ્ધનો રૂક્ષની સાથે અને રૂક્ષનો સ્નિગ્ધની સાથે જો બંધ થાય તો જે અધિક હોય તે પરિણામ થાય છે. જો રૂક્ષના અધિક હોય તો સ્નિગ્ધ ગુણવાળા પરમાણુઓ રૂક્ષત્વવાળા બને છે અને સ્નિગ્ધના જો અધિક હોય તો રૂક્ષ ગુણવાળા પરમાણુઓ સ્નિગ્ધ ગુણવાળા બને છે. દાખલા તરીકે એક સ્કંધ ત્રિગુણ સ્નિગ્ધ હોય અને બીજો સ્કંધ પંચગુણ સ્નિગ્ધ હોય તો આખા સ્કંધમાં પંચગુણ સ્નિગ્ધતા વ્યાપે છે. ~~અથવા~~
હવે પછીના સૂત્રમાં આચાર્ય શ્રી દ્રવ્યનું લક્ષણ સમજાવે છે.

દ્રવ્યનું લક્ષણ શું છે?

ગુણ - પર્યાયવદ્ દ્રવ્યમ્ ૫-૩૭

સૂત્રાર્થ: ગુણ અને પર્યાયવાળો જે પદાર્થ છે તે દ્રવ્ય કહેવાય છે.

ભાવાર્થ: દ્રવ્યની સાથે કાયમ રહે તે ગુણ કહેવાય અને વારંવાર ઉત્પન્ન થાય અને નાશ થાય તે પર્યાય કહેવાય. દાખલા તરીકે આત્મ દ્રવ્યનો ગુણ ચૈતન્ય છે, જે આત્માની સાથે જ રહે છે અને કાયમ રહે છે માટે ચૈતન્ય આત્માનો ગુણ છે.

રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે પુદ્ગલ દ્રવ્યના ગુણ છે કારણકે હંમેશા પુદ્ગલની સાથે જ રહે છે.

ટૂંકમાં જે ધર્મો જે દ્રવ્યના સહભાવી (સતત સાથે રહે) હોય તે ધર્મો તે દ્રવ્યના ગુણો છે.

કેટલાક ધર્મો દ્રવ્યમાં સદા રહેતા નથી, ક્યારેક હોય અને ક્યારેક ન પણ હોય. આવા કેટલાક ધર્મો ક્રમભાવી (ઉત્પન્ન થનારા અને નાશ પામનારા) હોય છે. આ ધર્મોને પર્યાય કહેવામાં આવે છે, જેમકે લાલ, લીલું, પીળું વગેરે વર્ણના ફેરફારો પુદ્ગલમાં આવે છે અને જાય છે માટે તેને પર્યાય કહેવામાં આવે છે. પરંતુ વર્ણ કાયમ રહે છે માટે તેને (વર્ણને) ગુણ કહેવાય અને લાલ, લીલું, પીળું પર્યાય કહેવાશે.

દરેક દ્રવ્યમાં અનંત ગુણો અને અનંત પર્યાયો રહેલા છે. દ્રવ્યો અને ગુણો ઉત્પન્ન થતાં ન હોવાથી નિત્ય છે અર્થાત્ અનાદિ-અનંત છે. પર્યાયો પ્રતિસમય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે માટે અનિત્ય છે.

**કાલ: ચ ઈતિ એકે ........ ૫-૩૮**

**સૂત્રાર્થ:** કેટલાક આચાર્યો કાળને પણ દ્રવ્ય તરીકે માને છે.

**ભાવાર્થ:** પૂ. ઉમાસ્વાતિજીના મત પ્રમાણે મૂળ દ્રવ્યો પાંચ છે. જીવ (જીવાસ્તિકાય) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને પુદ્ગલાસ્તિકાય (પુદ્ગલ). ગ્રંથકાર કાળને દ્રવ્ય ગણતા નથી. શાસ્ત્રમાં છ દ્રવ્યો (ષડ્ દ્રવ્ય) કહ્યા છે. જેમાં કાળને દ્રવ્ય તરીકે કેટલાક આચાર્યો માને છે.

જગતમાં થતાં ફેરફારો તથા પર્યાયોમાં કાળની સહાયતા છેજ. વર્તના, પરિણામ, વગેરે કાળનો ઉપકાર છે તેથી આચાર્યશ્રીએ તેમ ૨૨મા સૂત્રમાં જણાવ્યું છે. એટલે કાળ જેવી વસ્તુ જગતમાં છે એમાં કોઈનાથી નિષેધ થઈ શકાય તેમ નથી, પરંતુ કાળ દ્રવ્યરૂપ છે કે પર્યાયરૂપ છે તેમાં મતભેદ છે. જીવ-અજીવના પર્યાય સ્વરૂપ કાળમાં દ્રવ્યનો ઉપચાર કરવામાં આવેલ છે તેથી કાળ એ ઉપચરિત દ્રવ્ય છે.

**સ: અનન્તસમય: ........ ૫-૩૯**

**સૂત્રાર્થ:** તે કાળ દ્રવ્ય અનન્તસમય પ્રમાણ છે.

**ભાવાર્થ:** કાળના વર્તમાન, ભૂત અને ભવિષ્ય એમ ત્રણ ભેદ છે. ભૂતકાળ અને ભવિષ્યકાળ અનંત સમયના છે. વર્તમાનકાળ એક સમયનો છે. સમય એટલે કાળનો અંતિમ અવિભાજ્ય સૂક્ષ્મ અંશ. આંખના એક પલકારામાં પણ અસંખ્ય સમયો પસાર થાય છે.

કોઈ જાડું વસ્ત્રને એકી સાથે ફાડવામાં આવે ત્યારે દરેક તાંતણાને તૂટતા અસંખ્યાતા સમયો પસાર થઈ જાય છે. આ દ્રષ્ટાંતથી સમયની સૂક્ષ્મતાનો ખ્યાલ આવે છે.

## દ્રવ્ય-આશ્રયા: નિર્ગુણા: ગુણા: ---- ૫-૪૦

સૂત્રાર્થ: જે દ્રવ્યમાં સદા રહે અને સ્વયં નિર્ગુણ હોય તે ગુણ કહેવાય છે.

ભાવાર્થ: ગુણો હંમેશા દ્રવ્યમાં જ રહે છે. સ્વયં એકલા ગુણો કદાપિ હોતા નથી. જેમ કે આત્મ દ્રવ્યમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણો છે. પુદ્ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે ગુણો છે. દ્રવ્યમાં જેમ ગુણો છે તેમ ગુણોમાં ગુણો વર્તતા નથી. દાખલા તરીકે મરચામાં તીખાશ છે. અહીં મરચું નામના દ્રવ્યમાં તીખાશ ગુણ છે. પરંતુ તીખાશમાં કોઈ ગુણ નથી. (તીખાશ ગુણમાં જો કોઈ બીજો ગુણ હોત તો તીખાશ એ દ્રવ્ય કહેવાત.) દ્રવ્યની અંદર સદા સાથે રહેનારા (સહભાવિ) ધર્મોને ગુણ કહેવામાં આવે છે. દ્રવ્યમાં ઉત્પન્ન થનારા અને નાશ પામનારા (ક્રમભાવી) ધર્મોને પર્યાય કહેવામાં આવે છે.

## તદ્ભાવ: પરિણામ: ---- ૫-૪૧

સૂત્રાર્થ: તેનો (દ્રવ્યોનો અને ગુણોનો) ભાવ એ પરિણામ છે.

ભાવાર્થ: બીજા શબ્દોમાં કહીએ તો દ્રવ્ય અને ગુણોનો જે વિકાર અવસ્થા તેમાં થતી હાનિ-વૃદ્ધિ (પરિવર્તન) તેને પર્યાય (પરિણામ) કહે છે.

બૌદ્ધ દર્શન દ્રવ્યને એકાન્તે ક્ષણિક કહે છે. તેના મત પ્રમાણે ઉત્પન્ન થયેલી વસ્તુનો સર્વથા નાશ થવો એ જ પરિણામ છે. ન્યાય, વૈશેષિક અને સાંખ્ય દર્શન દ્રવ્યને એકાંતે નિત્ય કહે છે. જ્યારે જૈન દર્શન દ્રવ્યને નિત્યાનિત્ય કહે છે. જેમ કે સોનું દ્રવ્ય, દ્રવ્ય તરીકે (સોના તરીકે) કાયમ રહે છે